# ટ્રાન્સપોર્ટ વાહનની સીરિઝ માટે અમરેલી એ.આર.ટી.ઓ દ્વારા ઈ-ઓકશન પ્રક્રિયા યોજાશે

અમરેલી:અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા ટ્રાન્સપોર્ટ વાહનની નવી સિરીઝ GJ 14 AT Z 0001-9999 E-ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

ઈ-ઓકશન માટે ઓનલાઈન અરજી તા. ૦૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૦૪ વાગ્યાથી તા.૦૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના સાંજે ૪ વાગ્યા સુધીમાં થઇ શકશે. બિડિંગ સમયગાળો તા.૦૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ સાંજે ૦૪ કલાકથી તા.૦૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ સાંજે ૦૪ કલાક સુધી રહેશે. ઈ-ઓકશનનું પરિણામ તા.૦૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ એ જાહેર થશે.

ઓનલાઈન ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan.gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી,ચૂકવણું કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.

વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી



પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે.

આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલા દરે ઓનલાઈન ઈ-ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન-૫ (પાંચ) માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ-મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવી.

ઈ-ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટ્યુબમાં ઈ-ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ, અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

# સાસરિયાના માનસિક ત્રાસથી આત્મહત્યા કરનાર યુવાનના પિતાએ ફરિયાદ નોંધાવી

ગીર ગઢડા:ગીર ગઢડા તાલુકામાં સાસરિયા ના માનસિક ત્રાસ થી આત્મહત્યા કરનાર યુવાન ના પિતા એ મરણજનાર ની પત્ની સહિત પાંચ સામે પુત્ર ને મારવા મજબુર કર્યા ની સાત દિવસ બાદ પોલીસ ફરિયાદ નોંધાવી

સમાચાર ઊના: ગત તારીખ ૧૯/૧/૨૬ ના રોજ ગીર ગઢડા તાલુકાના નવા ઉગલા ગામ ના યુવાન ગોપાલ ભાઈ ધના ભાઈ સોંદરવા એ સોશ્યલ મીડિયા માં વિડિઓ બનાવી પત્ની અને સાસરિયા પક્ષ ના ત્રાસ થી કંટાળી આત્મહત્યા કરવા જાવ છું અને અનાજ માં રાખવાના ઝેરી ટીકડા ખાઈ જઈ આત્મહત્યા કરી લીધી હતી. મૃત્યુ થયું હતું પોલીસે પ્રથમ એ. ડી. નોંધી હતી. ગત તા ૨૬/૧/૨૬ ના રોજ ગીર ગઢડા પોલીસ સ્ટેશન મા મરણ જનાર ગોપાલ ભાઈ ના પિતા ધનાભાઇ નગાભાઈ સોંદરવા રે. નવા ઉગલા એ જઈ ફરિયાદ નોંધાવી હતી કે તેમના પુત્ર ના લગ્ન વિસાવદર તાલુકા ના વેકરીયા ગામે રૂપલ મનસુખ ભાઈ પરમાર સાથે થયા હતા તેણી પતિ ગોપાલ સાથે અવારનવાર ઝગડા કરી માનસિક ત્રાસ આપી. રૂપલ રિસામણે પોતાના પિયર પિતા ના ઘરે વિસાવદર ચાલી ગઈ હતી અને કોર્ટ માં ભરણ પોષણ નો કેસ નોંધાવીયો હતો. છુટુ કરવા રૂપિયા બે લાખ માંગતા હતા જે ગોપાલ પાસે ના હોય તેથી આત્મ હત્યા કરી લીધી હતી. તેથી આરોપી રૂપલ મનસુખ ભાઈ પરમાર (પત્ની), સસરા મનસુખભાઈ ઉગાભાઈ પરમાર, સાળો અજય મનસુખ ભાઈ પરમાર,રે. વેકરીયા તા. વિસાવદર, ફઈ શોભના બેન ચનાભાઈ બાબરીયા રે. ગારિયાધાર, તેમનો વકીલ સેખડા ભાઈ રે. વિસાવદર તમામ સાસરિયા પક્ષના ગોપાલ ને માનસિક ત્રાસ આપી ટાંટિયા ભાગી નાખવા ધમકી આપતા હતા,મારવા મજબુર કરતા ઝેરી ટીકડા ખાઈ જઈ આત્મહત્યા કરી હોય તમામ લોકો સામે કાર્યવાહી કરવા માગણી કરી હતી. ગીર ગઢડા પોલીસે પાંચ આરોપીઓ સામે બી. એન. એસ. કલમ ૧૦૮,૩૦૮(૩),૩૫૧(૩), ૫૪ મુજબ ગુનો નોંધી ગીર ગઢડા ના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એન.એ. વાઘેલા એ તપાસ શરૂ કરી છે.

# ૧૫થી ૧૭ ફૂટ ઊંચા કેળનાં વૃક્ષ: ૫૫ કિલો સુધીની કેળાંની લૂમ!

## દાધિયા ગામના પ્રગતિશીલ ખેડૂતની કમાલ : પરંપરાગત ખેતી છોડી પ્રાકૃતિક ખેતી અપનાવી અને કેળાંના પાકમાં મહારત હાંસલ કરી

અમરેલી:

પરંપરાગત ખેતી છોડીને જ્યારે ખેડૂત નવતર પ્રયોગો અને પ્રાકૃતિક અને વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવે છે, ત્યારે ધરતી માતા સોનું આપે છે. અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના દાધિયા ગામના ખેડૂત હર્ષદભાઈ ભાલાળાએ આ વાત સાર્થક કરી બતાવી છે. છેલ્લા ૭ વર્ષથી કેળાના પાકમાં તેમણે મહારત હાંસલ કરી છે.



તેમણે પોતાની ૨૫ વીઘા જમીનમાં કેળાનું વાવેતર કર્યું છે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અને સતત દેખરેખને કારણે તેઓ પ્રતિ વીઘા દીઠ અંદાજે ૬૦૦થી ૯૦૦ મણ કેળાનું મબલખ ઉત્પાદન મેળવી રહ્યા છે. બજારમાં ગુણવત્તાયુક્ત પાકની ભારે માંગને કારણે તેમને પ્રતિ વીઘા ૨.૫૦ લાખથી ૩.૫૦ લાખ સુધીની માતબર આવક થઈ રહી છે.પ્રાકૃતિક ખેતીના પ્રતાપે કેળાના વૃક્ષોની ઉંચાઈ ૧૫ થી ૧૭ ફૂટ સુધી પહોંચી છે. થડની મજબૂતી નારિયેળનાં ઝાડ જેવી જોવા મળે છે. સામાન્ય રીતે કેળાની લૂમ હલકી હોય છે, પરંતુ અહીં દરેક છોડ પર ૩૦ થી ૫૫ કિલોગ્રામ સુધીની વજનદાર લૂમ જોવા મળે છે. એક વીઘામાં અંદાજે ૭૦૦ જેટલા રોપાનું સુવ્યવસ્થિત વાવેતર કરવામાં આવ્યું છે. ખેતરમાંથી દરરોજ સરેરાશ ૨૦૦ કિલોગ્રામ કેળાનું હાર્વેસ્ટિંગ કરવામાં આવે છે. આ કેળા ખાસ કરીને સુરત અને અન્ય મહાનગરોમાં મોકલવામાં આવે છે. તેમની સફળતા જોઈ અન્ય ખેડૂતો પણ બાગાયતી પાકો તરફ વળ્યા છે.

# સેવા, સંકલ્પ અને સમર્પણનું જીવંત ઉદાહરણ એટલે ભરતભાઈ ભટ્ટ

કૈલેશ ભટ્ટ ઉના:

આજનો દિવસ માત્ર ભરતભાઈનો જન્મદિવસ નથી, પરંતુ સમાજસેવા, પર્યાવરણ રક્ષણ અને માનવકલ્યાણની પ્રેરણા યાદ કરવાનો દિવસ છે. ભરતભાઈએ પોતાના જીવનના અનેક વર્ષો નિ:સ્વાર્થ ભાવથી સમાજના સર્વાંગી વિકાસ માટે સમર્પિત કર્યા છે.





ભરતભાઈ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર વિકાસના કાર્યો કરવામાં આવ્યા છે જેમાં કૃષિ અને જળ સમૃદ્ધિ વધારવા માટે વોટરશેડના કાર્યો અંતર્ગત ડારી અને સરા ગામમાં ચેકડેમનું નિર્માણ કરી પાણી સંચય અને ભૂગર્ભ જળસંગ્રહમાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો. ખેત તલાવડીઓ, ખેતરના પાળા, પાણીના નિકાલ અને ખેતર ધોવાણ અટકાવવાના કાર્યો દ્વારા ખેડૂતોને પાણી વ્યવસ્થાપનમાં મદદરૂપ બન્યા. ૯૦ના દાયકામાં આનંદવાડીમાં ટપક પદ્ધતિ (ડ્રીપ એરીગેશન)ની શરૂઆત કરી, જે પર્યાવરણ માટે ઉપયોગી અને ખેડૂતો માટે અત્યંત સફળ ઉદાહરણ સાબિત થયુ.

સ્વચ્છતા અને આરોગ્યના ક્ષેત્રે પણ તેમનું યોગદાન નોંધપાત્ર છે. અંદાજે ૨૫૦ શૌચાલયો બનાવવામાં સહયોગ આપ્યો. દિવ્યાંગો માટે ટ્રાઈસિકલ, પાણીની ટાંકી, બાથરૂમના દરવાજા જેવી જરૂરી સહાય પૂરી પાડી. ૨૦૦થી પણ વધારે દિવ્યાંગોને હેલ્થ ચેકઅપ કરાવી દિવ્યાંગતા સર્ટિફિકેટ અપાવવામાં મદદ કરી. સરકારી હોસ્પિટલ અને શ્રી પુરુષોત્તમભાઈ સોલંકીના સહયોગથી મેડિકલ કેમ્પ યોજાયા સાથે જ મેડિકલ સ્ટોરની વ્યવસ્થા ઊભી કરવામાં આવી. મેડિકલ કેમ્પમાં ડો. દેસાઈ સાહેબ, ડો.પરીખ સાહેબ,ડો.ગુર્જર સાહેબ,ડો.નિમાવત સાહેબ ,ડો.વરુ સાહેબ,ડો.બાંભણિયા સાહેબ વગેરે ડોક્ટરોએ સેવાભાવથી સહકાર આપ્યો.

ભરતભાઈએ લગભગ ૪૦ વર્ષ સુધી સર્વોદય યોજના ચલાવી. રોજગારી માટે રેકડી, હાથલારી જેવી સહાય આપી, ખેડૂત શિબિરો યોજી, વર્મી કમ્પોસ્ટ કેન્દ્ર શરૂ કરાવ્યા તથા ખેત સાધનોની સહાય ઉપલબ્ધ કરાવી. માલધારીઓને તાલપત્રી જેવી જરૂરી સહાય પણ પૂરી પાડવામાં આવી.

૨૦૦૧માં લલીતાબેન વિકાસ ફાઉન્ડેશનની સ્થાપના કરીને બહેનો માટે માઇક્રો ફાઇનાન્સની શરૂઆત કરી. ૭૦૦થી વધુ બહેનોએ આ યોજનામાં ભાગ લીધો. બચત સાથે સંસ્થાનો વધારાનો ફાળો ઉમેરી મહિલાઓને આર્થિક સહાય આપવામાં આવી, જેનો મુખ્ય હેતુ મહિલા સ્વરોજગારી અને આત્મનિર્ભરતા હતો. મહિલા જાગૃતિ કાર્યક્રમો અને દ્વારા સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો પ્રયત્ન કર્યો સાથે જ બાલવાડી,પ્રાથમિક અને માધ્યમિકથી લઈ કોલેજ સુધીના શિક્ષણની વ્યવસ્થા ઉભી કરી.

પર્યાવરણ પ્રત્યેની તેમની લાગણી પણ પ્રશંસનીય છે. બે થી અઢી હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરાયું, જે બદલ ફોરેસ્ટ ખાતા તરફથી તેમને પર્યાવરણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.સાથે જ ૨૦૦૭ની સાલમાં સરકાર માન્ય ગૌશાળાની સ્થાપના કરવામાં આવી.સંસ્થા દ્વારા ગૌમાતાની સંભાળ, સંરક્ષણ અને સેવાનું અવિરત કાર્ય આજ સુધી કરવામાં આવી રહ્યું છે.આટલા વિશાળ સેવાકાર્યો છતાં ભરતભાઈએ ક્યારેય કોઈ સ્વાર્થ, પ્રતિષ્ઠા કે કશું મેળવી લેવાની ભાવના રાખી નથી.માનવકલ્યાણ, જીવદયા પ્રત્યે અનુકંપા અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેનો પ્રેમ તેમનાં કાર્ય અને વિચારમાં સતત ઝલકતો રહ્યો છે..

આવો દ્રઢ સંકલ્પ અને નિ:સ્વાર્થ સેવાભાવ ભરતભાઈને સાચા અર્થમાં સમાજના પ્રેરણાસ્તંભ બનાવે છે.ભરતભાઈના જન્મદિવસે આનંદવાડી કાર્યકરો તરફથી તેમને દીર્ઘાયુ, ઉત્તમ સ્વાસ્થ્ય અને વધુ સેવા કાર્ય કરવાની શક્તિ મળે તેવી શુભકામનાઓ પાઠવે છે. જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ.

# અપહરણની કોશિશના ગુનામા નાસતો ફરતો આરોપી પકડાયો

કૈલેશ ભટ્ટ ઉના: ઊના શહેર મા ગત તા ૨૪/૧/૨૬ ના વહેલી સવારે લાયબ્રેરી ચોક પાસે દૂધ લેવા જતી ધોરણ સાત માં અભ્યાસ કરતી સગીર વય ની કિશોરી ને પાછળથી આવી ઊના કોર્ટ વિસ્તાર માં રહેતો અસલમ મુનીર મેહબૂબભાઈ બેલીમ ઉ. વ. ૩૦ રે. ઊના એ કિશોરી ને મોઢે હાથ થી ડૂચો દઈ અપહરણ કરવાની કોશિશ કરી હતી પરંતુ કિશોરી એ હિંમત પૂર્વક સામનો કરી રાડા રાડિ કરતા યુવક નાસી ગયો હતો. અને ઊના પોલીસ ઈન્સ્પેટર ચૌહાણ એ ,સી. સી. ટી. વી. ના ફૂટેજ કબ્જે કરી આરોપી ની ઓળખ મેળવી કિશોરી ના પિતા ને બોલાવી અપહરણ અને પોસ્કો ની ફરિયાદ નોંધી હતી. જે અંગે ગીર સોમનાથ જિલ્લા ની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ના પોલીસ ઈન્સ્પેકટર રાજપૂત ના માર્ગ દર્શન હેઠળ પી એસ આઈ. સિંધવ, જેબલિયા, પો. કો. અશોક મોરી, રવિ ગોહિલ, સંદીપ સિંહ ઝંનકાટ સ્ટાફે હ્યુમન સોર્સ થી બાતમી મેળવી આરોપી અસલમ મુનીર મેહબૂબભાઈ બેલીમ વેરાવળ માં હોય તેને દબોચી લઈ પકડી લીધો હતો અને ઊના પોલીસ ને અપહરણ અને પોસ્કો ના ગુના મા નાસતો ફરતો આરોપી સોંપેલ હતો. પોલીસે આરોપી નો કબજો લઈ તપાસ શરૂ કરી છે.


# ઔદ્યોગિક તાલીમ સંસ્થા, અમરેલી ખાતે તા. ૩૦ જાન્યુઆરીએ સ્કિલ એક્સપો યોજાશે

અમરેલી: ઔદ્યોગિક તાલીમ સંસ્થા, અમરેલી (આઈ.ટી.આઈ) ખાતે તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સ્કિલ એક્સપો યોજાશે. આ સ્કિલ એક્સપોનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં કુશળતા વિકાસ અંગે જાગૃત્તિ લાવવાનો, વ્યાવસાયિક અને ટેક્નિકલ શિક્ષણના વિવિધ વિકલ્પો અંગે માહિતી આપવાનો તથા ઉદ્યોગ અને શિક્ષણ વચ્ચે સેતુ બાંધવાનો છે. આ સ્કિલ એક્સપો દરમિયાન આઈ.ટી.આઈ અમરેલી ખાતે ચાલતા વિવિધ ટ્રેડ્સના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ મોડેલ્સ, પ્રોજેક્ટ્સ, પ્રાયોગિક કુશળતાનું પ્રદર્શન કરવામાં આવશે. તેમજ ડ્રોન ટેક્નોલોજી જેવા કોર્ષ વિષયક માર્ગદર્શન આપવામાં આવશે. આ પ્રસંગે અમરેલી જિલ્લાની તમામ હાઈસ્કૂલો તથા વોકેશનલ કોર્ષ ચલાવતી શાળાઓના વિદ્યાર્થીઓને તેમના શિક્ષકો સાથે સ્કિલ એક્સપોની મુલાકાત લેવા આમંત્રણ આપવામાં આવે છે. જેથી તેઓ ભવિષ્યમાં ટેક્નિકલ અને શિક્ષણ તરફ પ્રેરાઈ શકે તેમ આચાર્ય શ્રી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# દેલવાડામાં દીવ ઝાપા બહાર ગટરના પાણી ભરાતા સ્થાનિકોમાં રોષ

કૈલેશ ભટ્ટ ઉના: ઉના તાલુકા ના દેલવાડા ગામે દીવ ઝાપા ની બહાર આવેલ નગારા સોસાયટી માંથી નીકળેલ ગામની મુખ્ય ગટર કે જેમાંથી દેલવાડા ગામ નું ૭૦% ખરાબ પાણી ગટર મારફતે વહી રહ્યું છે તે ગટર સ્થાનિક પંચાયતે અણઆવડત ના લીધે ડીવાઈડર ની જેમ જમીન થી બે ફૂટ ઊંચી બનાવેલ છે તે ગટર માંથી દરરોજ હજારો લીટર નું પાણી ઉભરાઈ ને સોસાયટી માં બંને બાજુ ભરાઈ જાય છે જેથી સોસાયટી માં રહેતા લોકો ના ઘરો માં બીમારી ફાટી નીકળેલ છે ગંભીર બીમારી ફાટવાની દહસેત છે.તેથી સોસાયટી ના રહેવાસીઓ ની વારંવાર રજૂઆત છતાંય સ્થાનિક પંચાયત ગટર સાફ કરવામાં ઠાગા ઠઈયાં કરી રહ્યું છે અને ત્યાં દુકાનો ધરાવતા વેપારીઓ પણ ત્રાહિમામ પોકારી ગયા છે જેથી ગામની મુખ્ય ગટર ને યોગ્ય પ્લાન મુજબ ઊંડી કરી તેની દરરોજ માટે સફાઈ કરવામાં આવે તેવી લોક માંગણી છે.

# પાલીતાણાના શત્રુંજય તીર્થ પર દાદાના દરબારમાં વિધર્મી ફોટોગ્રાફરોએ વિડિયોગ્રાફી કરતા સમસ્ત જૈન સમાજમાં આક્રોશનો અગ્નિ



## શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ૨૦૨૫ જુલાઈમાં લખનૌની વિધર્મી કંપનીને રૂ.૪૨ લાખમાં કોન્ટ્રાકટ આપ્યો હતો! પેઢીના કયા ટ્રસ્ટીએ નિર્ણય લીધો હતો? સમાજમાં પૂછાતો સવાલ

અમરેલી: સમસ્ત જૈનો માટે અત્યંત પવિત્ર મનાતા પાલીતાણાના તીર્થધામ શ્રી શત્રુંજયગિરિ પર દાદાના દરબારમાં વિધર્મી ફોટોગ્રાફરોએ મૂળનાયક શ્રી આદિશ્વર દાદાના ગભારામાં પ્રવેશીને દાદાના ઢીંચણ પર ચડીને ફોટોગ્રાફી-વિડીયોગ્રાફી કરતા ભારતભરના જૈન સંઘોમાં ભારે આક્રોશ છવાયો છે. આ ઘટનાથી સમસ્ત જૈન સમાજ ધુંવાપુંવા થયો છે. ભયાનક અશાતના થવા પામી છે. શ્વાસો લેનાર દાદાના બિંબ સાથે ગઈકાલે અણછાજતી હરકત થતા પાલીતાણામાં બિરાજમાન જૈનાચાર્યો, મુનિ ભગવંતો પણ સખત આઘાત પામ્યા છે.

વિધર્મી કંપનીને વીડિયોગ્રાફી તથા ફોટોગ્રાફી માટે આણંદજી કલ્યાણજીની પેઢીએ કોન્ટ્રેક આપ્યો હતો અને લેખિતમાં પરમિશન આપવામાં આવી છે. પેઢીએ આ નિર્ણય લીધો તેમાં સૌને વિશ્વાસમાં લીધા હતા કે નહિ તેવો પ્રશ્ન બહાર આવીને ઉભર્યો છે.આણંદજી કલ્યાણજી પેઢીએ લખનૌની વિધર્મી કુલમેન ક્રિએટીવ કોન્સેપ્ટ કંપનીને કોન્ટ્રાકટ આપેલો છે. આશરે ૪૨ લાખથી વધુ રૂપિયાનો કોન્ટ્રાકટ ફોટોગ્રાફી માટે આપ્યો છે. કોન્ટ્રાકટમાં જૂનાગઢના ગિરનારના દેરાસરનો તથા ચણાકપુરના દેરાસરનો સમાવેશ થયો છે. ગઈકાલે કંપનીના ફોટોગ્રાફરો ડુંગર પર જઈને વીડિયોગ્રાફી લેવા માટે ગયા અને જાણવા મળ્યું છે કે પેઢીએ કોન્ટ્રાકટ પણ વિધર્મી કંપનીને આપેલો છે.હદ તો ત્યાં થઈ કે જ્યારે દાદાના ગભારામાં દાદાના પગ સુધી વ્યકિત પૂજનના વસ્ત્રો વગર ગયો, મોજાવાળા ગંદા પગે ઉપર ચડયો. આ ઘટનાની સમસ્ત જૈન સમાજમાં સોશ્યલ મીડિયા દ્વારા પ્રસારિત થતા સમસ્ત જૈનોએ આ ઘટનાને વખોડી છે. અને જેના ઈશારે આ કોન્ટ્રાકટ અપાયો હોય તેની સામે એફઆઈઆર નોંધવાની પણ માંગ કરાઈ છે.શેઠ આણંદજી કલ્યાણજી પેઢીએ કોન્ટ્રાકટ તા.૨૪મી જુલાઈના ૨૦૨૫માં આપેલો હતો. તેમાં ત્રણ તીર્થો ગિરનાર તીર્થ (ત્રણ દિવસ), શત્રુંજય તીર્થ (૩ દિવસ) તથા રાણકપુર તીર્થ (૨ દિવસ)નો સમાવેશ કરાયો છે.શત્રુંજય તીર્થમાં દાદાના દરબારમાં વિડિયોગ્રાફી અને ફોટોગ્રાફી કરવા ગયેલા વિધર્મી ફોટોગ્રાફરોની અણછાજતી હરકતથી જૈન સમાજમાં આક્રોશનો અગ્નિ જોવા મળી રહ્યો છે. જેમ જેમ વિવિધ ગામો અને શહેરોના જૈન સંઘોમાં આ સમાચાર સોશ્યલ મીડિયા દ્વારા પ્રસારિત થતા ઉહાપોહ મચી જવા પામ્યો છે.ભારતભરમાં આ સમાચાર વાયુવેગે પ્રસરી જવા પામ્યા છે. અને સર્વત્ર વિરોધની આંધી ઉઠી છે. આણંદજી કલ્યાણજી પેઢીના ટ્રસ્ટીઓના આવા મનઘડંત નિર્ણયો સામે આક્રોશ છવાયો છે.

પેઢીએ શત્રુંજય તીર્થ માટે વિધર્મી કંપનીના ફોટોગ્રાફરોને આઉટડોર ફોટોગ્રાફી વીડિયોગ્રાફી માટે તીર્થના દાદાના દરબારની, મૂળનાયકની, સાંજની આંગી, આરતી તથા સ્નાત્ર પૂજાની, પક્ષાલ, અભિષેકની વીડિયો તથા ફોટોગ્રાફી માટે દર્શાવેલ છે.

ગિરનારના શ્રી નેમિનાથ દેરાસરમાં મૂળનાયક સહિત હિલની, મુખ્ય દેરાસરની, પક્ષાલ, આંગી, આરતીની વીડિયો તથા ફોટોગ્રાફી માટેની મંજુરી પેઢીએ આપેલ છે.

રાણકપુરના મુખ્ય દેરાસરનો સંપૂર્ણ વીડિયો તથા ફોટોગ્રાફી, સવારના પક્ષાલ, અભિષેક, આરતી, આંગીની ફોટોગ્રાફી, વીડિયોગ્રાફી માટે પેઢીએ કોન્ટ્રાકટમાં દર્શાવેલ છે. આ કાર્ય માટે ૧,૨ કે સાત ફોટોગ્રાફરની ટીમ જઈ શકશે.

તેમાં વિધર્મી કંપનીના ફોટોગ્રાફરો શત્રુંજયગિરિએ જઈને વીડિયોગ્રાફી તથા ભયંકર અશાતના થાય તે રીતે શુટીંગ કરતા સમસ્ત જૈન સમાજમાં આક્રોશ ફેલાયેલો છે. ભવિષ્યમાં હવે પછી આવી હરકત ન થાય તે માટે જૈનાચાર્યો સહિતના પ્રબુધ્ધ જૈનો એકત્રિત થનાર છે.

શત્રુંજય તીર્થ પર વિધર્મી કંપનીના ફોટોગ્રાફરોએ ભયંકર અશાતના કરી છે તે સમાચાર વાયુવેગે સોશ્યલ મીડિયામાં પ્રસારિત થતાં જૈનોમાં આક્રોશ છવાયો છે પરંતુ આ માત્ર અફવા છે. તેમ પેઢીના ભાવનગરના મનોજભાઈએ વિશ્વાસ વ્યકત કરતાં જણાવેલ છે.મનોજભાઈએ જણાવ્યું કે આ માત્ર અફવા છે. ગઈકાલે ચાર દરબારમાં સેવાપૂજા કરતાં ચાર પૂજારી અને ચાર વિધર્મીઓએ પૂજાના વોમાં વીડિયોગ્રાફી કરી છે અને જૈન શાસનના નિયમો અને સિધ્ધાંતોનું પાલન થયું છે આ માત્ર અફવા છે તેમ અંતમાં જણાવેલ હતું.


## દામનગર નગરપાલિકા – દામનગર જિ. અમરેલી
## ઓનલાઇન જાહેર નિવિદા

આથી દામનગર નગરપાલિકા, દામનગર, જિ અમરેલીને હસ્તકની નીચે મુજબની વિગતે વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત ઓપેરેશન એન્ડ મેન્ટેનેન્સની વિવિધ કામગીરી કરવા માટે ઓનલાઇન ટેન્ડરથી મંગાવવામાં આવે છે.

કામનું નામ:
(૧) સ્ટ્રીટલાઇટ ઓપેરેશન એન્ડ મેન્ટેનેન્સનું કામ (વાર્ષિક ટેન્ડર)
(૨) ગટર વ્યવસ્થા ઓપેરેશન એન્ડ મેન્ટેનેન્સનું કામ (વાર્ષિક ટેન્ડર)
(૩) પાણી પુરવઠા ઓપેરેશન એન્ડ મેન્ટેનેન્સનું કામ (વાર્ષિક ટેન્ડર)

| અંદાજીત રકમ (રૂપિયા): | કામની સમય મર્યાદા: |
|---|---|
| (૧) ૧૦,૦૦,૦૦૦/- | (૧) ૧૨ માસ |
| (૨) ૨૦,૦૦,૦૦૦/- | (૨) ૧૨ માસ |
| (૩) ૨૦,૦૦,૦૦૦/- | (૩) ૧૨ માસ |
| **ઈ.એમ.ડી. રકમ (રૂપિયા):** | **ટેન્ડર ફી રકમ (રૂપિયા):** |
| (૧) ૧૦૦૦૦/- | (૧) ૧૦૦૦/- |
| (૨) ૨૦૦૦૦/- | (૨) ૨૦૦૦/- |
| (૩) ૨૦૦૦૦/- | (૩) ૨૦૦૦/- |
| વેબસાઇટનું નામ: | www.tender.nprocure.com |

ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોયુમેન્ટ અપલોડ માટે ૦૬/૦૨/૨૦૨૬ થી ૨૩/૦૨/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી

ફકત ઓરીજનલ ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું ૦૨/૦૩/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધીમાં ચીફ ઓફિસર, દામનગર નગરપાલિકા, મું.દામનગર, જિ.અમરેલી

ટેકનીકલ બિડખોલવાની તારીખ: ૦૩/૦૩/૨૦૨૬, ૧૨:૦૦ કલાકે

પ્રાઇસ બિડ ખોલવાની તારીખ: ૦૩/૦૩/૨૦૨૬, ૧૨:૦૦ કલાકે

કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોકત જણાવેલ વેબસાઇટ ઉપર જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

(વિજયભાઈ જે. ડેર) ચીફ ઓફિસર દામનગર નગરપાલિકા

(ગોબરભાઈ એન. નારોલા) પ્રમુખ દામનગર નગરપાલિકા

જા.ક્ર.|અમરે|૫૩૯|૨૦૨૬


સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)